# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૩/૧૨/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# 'રીટેલ ડાટા એનાલિસ્ટ ફોર ઓપરેશનલ પરફોર્મન્સ' વિશે ચેમ્બરમાં સ્ટડી સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સોમવારે, તા. ૨ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'રીટેલ ડાટા એનાલિસ્ટ ફોર ઓપરેશનલ પરફોર્મન્સ' વિષય ઉપર સ્ટડી સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે નિરમા યુનિવર્સિટીના ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટના પ્રોફેસર શ્રી નિશાંત અગ્રવાલે રીટેલના વેપારીઓને આજના સ્પર્ધાત્મક યુગમાં બિઝનેસને ટકાવી રાખી ડેવલપ થવા માટે ગ્રાહકો દ્વારા ખરીદવામાં આવતી વિવિધ ચીજવસ્તુઓની ગોઠવણ વ્યવસ્થા તેમજ તેઓની ડિમાન્ડ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવા ડાટાના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ આ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, આજના યુગમાં ડાટાનું ઘણુ જ મહત્વ છે. ખાસ કરીને વ્યકિતગત બિઝનેસ ડેવલપમેન્ટ માટે ડાટા એનાલિસિસ ઘણુ જ કામ લાગે છે. ડાટા એનાલિસિસને આધારે જ ફેશન અને સિઝન પ્રમાણે પ્રોડકટની બદલાતી ડિમાન્ડ અંગે જાણી શકાતુ હોય છે, જે બાબત બિઝનેસને ગ્રો કરવા માટે અત્યંત આવશ્યક બની જાય છે.

વકતા શ્રી નિશાંત અગ્રવાલે જણાવ્યુ હતુ કે, આજથી દસ કે પંદર વર્ષ પહેલાં ટ્રેડીગ સેકટરમાં જે કંપનીઓ ટોપ ટેનમાં હતી તે તમામ કંપનીઓ આજે ટોપ ટેનમાં નથી. એની પાછળનું કારણ એ છે કે સમયની સાથે આ કંપનીઓએ પરીવર્તન કર્યુ નહી. આથી કેટલીક કંપનીઓ આજે માર્કેટમાં જ નથી. આથી જે કંપનીઓ સમયની સાથે બદલાવ લાવશે તે કંપનીઓ જ માર્કેટમાં ટકી શકશે.

તેમણે માર્કેટ બાસ્કેટ એનાલિસિસ વિશે સમજણ આપતા કહયુ હતુ કે, મોલ કે સુપર સ્ટોરમાં લોકો બે ઉંધી દિશામાં મુકેલી ચીજવસ્તુઓ પણ એકસાથે ખરીદવાનુ પસંદ કરતા હોય છે. જેની કલ્પના લગભગ વેપારીને હોતી નથી. પરંતુ આ બાબત માત્ર ડાટા એનાલિસ્ટના ઘ્યાનમાં આવતી હોય છે. આથી એકબીજાને સંલગ્ન ચીજવસ્તુઓને સ્ટોરમાં આજુબાજુમાં જ મુકાવવાનુ સૂચન વેપારીને કરવામાં આવે છે. જેથી કરીને ગ્રાહકને ચીજવસ્તુઓ ખરીદવામાં આસાની થઇ શકે. ડાટા એનાલિસિસને આધારે ઘ્યાનમાં આવતી આ બધી બાબતો આજના સ્પર્ધાત્મક યુગમાં બિઝનેસને ડેવલપ કરવા માટે વધુ ઉપયોગી સાબિત થાય છે.

શ્રી અગ્રવાલે વધુમાં કહયુ હતુ કે, આજે સોશિયલ મિડિયા ઉપર સેકન્ડમાં લાખોની સંખ્યામાં ડાટા જનરેટ થાય છે. લોકોને શું ગમે છે અને લોકો કઈ પ્રોડકટને સૌથી વધારે સર્ચ કરે છે તેની માહિતી ક્રિએટ થતી હોવાથી આજે ડાટાનું આટલુ બધું મહત્વ છે. નિષ્ણાંતો આ ડાટાને આધારે માર્કેટનુ એનાલિસિસ કરતા હોય છે. આગામી વર્ષોમાં રીટેલ ઇન્ડસ્ટ્રીમાં ટેકનોલોજીનો વધુમાં વધુ ઉપયોગ કરવામાં આવશે. તેમણે કહયુ કે ઓટોમેટીવ, ઇલેકટ્રોનિક, રિન્યુએબલ એનર્જી, રોડ્ઝ એન્ડ હાઇવે, ફાર્માસ્યુટીકલ, ફૂડ પ્રોસેસિંગ સેકટરમાં સરકાર ઘણુ બધુ વિચારી રહી છે.

આજના સેશનમાં ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રમોશન સેલના કન્વીનર શ્રી બિજલ જરીવાલા, એફએમસીજી – રીટેલ ટ્રેડ કમિટીના ચેરમેન શ્રી રાકેશ પોપાવાલા અને એચ.આર. એન્ડ ટ્રેનીગ કમિટીના કો–ચેરપર્સન સુશ્રી હેમલતા અગ્રવાલે પ્રાસંગિક વિધી કરી હતી. નિષ્ણાંત વકતાએ વેપારીઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. સેશનના અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.